**સુવિચાર**
આપણી પાસે હકીકતો ઓછી હોય છે, ત્યારે અભિપ્રાયો બાંધવાનું બહુ સહેલું બની જાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૭/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
'અભિમાન કહે છે કે કોઈની જરૂર નથી, અનુભવ કહે છે કે ધુળની પણ જરૂર પડે છે!!'
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૧૮૯

## આગામી ૧૧ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી બારડોલીથી સોમનાથ સુધી યાત્રા યોજાવાની હોય

# જય સરદાર : અમરેલી ખાતે સરદાર સન્માન યાત્રા અંગે બેઠક યોજાઈ

**જી.પી. વસ્તરપરા ચેરિટેબલ ટ્રસ્ટ અને ચમારડીનાં વતની ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા થયું આયોજન**

**સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અંતર્ગત વિશાળ યાત્રાનું આયોજન થયું**

**ભાજપ, કોંગ્રેસ, આપ સહિતનાં રાજકીય પક્ષો તેમજ સર્વ સમાજનાં આગેવાનો પણ આયોજન બેઠકમાં જોડાયા**

**અમરેલી ખાતે ૨૦ સપ્ટેમ્બરનાં સાંજે સરદાર સન્માન યાત્રાનું ઐતિહાસિક સ્વાગત કરવામાં આવશે**



અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે બાલમુકુન્દ હોયમાં શનિવારે સાંજે સર્વ સમાજની સરદાર સન્માન યાત્રાનાં આગમનને લઈને એક બેઠક જી.પી. વસ્તરપરા ટ્રસ્ટનાં પ્રમુખ અને ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા અને યાત્રાનાં મુખ્ય આયોજક ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બેઠકમાં આયોજક ગોપાલભાઈ વસ્તરપરાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વલ્લભભાઈ પટેલને જયાંથી સરદારનું બિરૂદ મળેલ છે તેવા બારડોલીથી ૧૧ સપ્ટેમ્બરથી સરદાર સન્માન યાત્રાનો પ્રારંભ થશે. જેનું સમાપન ૨૨ સપ્ટેમ્બરનાં રોજ સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરે થશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલ એ દેશની એકતાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

**નારી હોસ્પિટલ**
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

## અવારનવાર રજુઆત છતાં તંત્ર નિષ્ક્રીય

# ચિતલ-અમરેલી માર્ગ ઉપર આવેલ 'રઢિયાળી બ્રીજમાં' મસમોટા ગાબડા

**કોઈ દુર્ઘટના ઘટે તે પહેલા મરામત કરો**



ચિતલ, તા. ૨૧

ચિતલ થી અમરેલી રોડ ઉપર આવેલો ટીંબા-ચિતલ વચ્ચે આવેલ અને ટુંકા સમયગાળા પહેલા જ બનાવ.લો "રઢિયાળી બ્રીજ" ના ખાસ્તા હાલ થયા છે મસમોટા ખાડા અને ગાબડા પડયા છે. આ પુલ પર છે કે ગોપીધામથી રાજુલા સુધીનો ટ્રાફીકને પસાર થાય છે ચિતલ થી અમરેલી વચ્ચે અસંખ્ય લોકો વેપારીઓ ધંધાર્થીઓ બાઈક લઈને અપડાઉન કરે છે ૩પ્પ વર્ષથી અપડાઉન કરતા ચિતલના વેપારી સુમિર પાનેલીયા પણ પોતાના બાઈક ખાડમાં આવતા "ગોથુ" મારી ગયેલા

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિક પોલીસ અને ખાણ ખનિજ વિભાગ ધ્યાન આપે

# અમરેલી : રાજસ્થળી સહિતનાં વિસ્તારોમાં શેત્રુંજી નદીમાંથી રાત્રિનાં સમયે રેતી ચોરી

**ગામજનો ડરનાં માર્યા કયાંય રજુઆત કરી શકતા નથી**

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં રાજસ્થળી સહિતના ગામો નજીકથી પસાર થતી શેત્રુજી નદી માંથી રાત્રિના સમયે નિયમ વિરુદ્ધ રેતીની વ્યાપક ચોરી થતી હોવાની અને તેમાં સ્થાનીક પોલીસ અને ખાણ ખનીજ વિભાગની મીલીભગત હોવાનો આક્ષેપ ગામજનો કરી રહયા હો જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષક દ્વારા આ બાબતે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

LG Life's Good.
LG વોશર ડ્રાયર
વોશિંગ & ડ્રાઇંગ ની નવી શૈલી
20% CASHBACK
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કાર્ડકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર... મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR Health Insurance · TATA AIG INSURANCE WITH YOU ALWAYS · Medi Assist · SBI general · care · RELIANCE Health Insurance · BAJAJ Allianz

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,500/- (૧૦ ગ્રામ)
વ્હેલ તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : 63549 73131

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
તા.૨૪/૦૭/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. દેવાંગ ટાંક : (ગેસ્ટ્રોલોજીસ્ટ)
પેટ,આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા.૨૪/૦૭/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૦:૦૦ થી ૧:૦૦
ડો.સાગર બરાસરા : (એન્ડોકાઈનોલોજીસ્ટ)
ડાયાબિટીસ,થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા.૨૫/૦૭/૨૦૨૫ - શુક્રવાર, સવારે ૯:૦૦ થી ૦૧:૦૦
ડો.ઝલક શાહ ઉપાધ્યાય : (પેડયાટ્રીક એન્ડોકાઈનોલોજીસ્ટ)
બાળકોના થાયરોઈડ, ડાયાબિટીસ તથા ગ્રોથની તકલીફના નિષ્ણાંત
તા.૨૫/૦૭/૨૦૨૫ - શુક્રવાર, બપોરે ૧૨:૦૦ થી ૦૨ : ૦૦
ડો. હિરલ હાલાણી શેઠ : ( ન્યુરોલોજીસ્ટ )
મગજ અને જ્ઞાનતંતુના રોગોના તથા નસ અને સ્નાયુના રોગોના નિષ્ણાંત
તા.૨૬/૦૭/૨૦૨૫ - શનિવાર, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. કલ્પેશ બજાણિયા : (ઓર્થો. એન્ડ સ્પાઈન સર્જન)
મગજ તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલીનાં જાળીયા ગામે જિલ્લા બેન્કમાં ચોરીનો પ્રયાસ કરનાર ઈસમો ઝડપાયા

### ૩ ઈસમો ઝડપાયા અન્ય એકની શોધખોળ

અમરેલી, તા. ૨૧

અમરેલી તાલુકાના જાળીગા ગામે આવેલ અમરેલી જિલ્લા સહકારી બેન્કમાં ગત તા.૧૦નાં રોજથી તા.૧૧ રાત્રીના સમયે દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમોએ બિલ્ડીંગના પ્રવેશદ્વાર આગળ ફીટ કરેલ લોખંડની ગ્રીલનું તાળુ તોડી બેન્કના બિલ્ડીંગમાં પ્રવેશ કરી બેન્કમાં ચોરી કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરેલ હતો. જે અંગે બેન્કના મેનેજર ભદ્રેશભાઈ માલવીયાએ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા અનડીટેકટ ગુનાના અજાણ્યા આરોપી તપાસ શરૂ કરવામાં આવેલ હતી. તેમજ આવી એમ.ઓ. ધરાવતા ઈસમો અંગે તપાસ કરવામાં આવેલ, ગુનાના આરોપીને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાલુ ઉર્ફે રાહુલ સવલસિંહ બામણીયા, (મુળ મધ્યપ્રદેશ હાલ રહે. નવા ખીજડીયા ગામની સીમ), રૂપેન્દ્ર ઉર્ફે રૂપેન પ્યારસિંહ ડાવર (મધ્યપ્રદેશ હાલ રહે. શાપર, રીબડા જી.આઈ.ડી.સી. રાજકોટ) તથા હતરસિંહ સબલાસિંહ અજનાર (મધ્યપ્રદેશ) વાળા ત્રણ પરપ્રાંતીય ઈસમોને પકડી પાડી, પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં અમરેલી તાલુકાના જાળીયા ગામે સહકારી બેન્કમાં ચોરીના ઉપરોકત ગુનાની કબુલાત આપતા, અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે. જયારે આરોપી મલસિંહ નીરભેસિંહ મોહનીયા (મધ્યપ્રદેશ) વાળાની શોધખોળ આદરેલ છે.

આજથી આઠેક દિવસ પહેલા પકડાયેલ આરોપીઓ તથા પકડવાનો બાકી આરોપી એમ ચારેય સાથે મળી અમરેલી તાલુકાના જાળીયા ગામે રાત્રીના ગયેલ અને આ ગામે સ્કુલ પાસે આવેલ મધ્યસ્થ સહકારી બેંકની ગ્રીલનુ તાળુ તોડી,



દરવાજાનો નકુચો તોડી, બેંકની અંદર ગયેલા. આ બેન્કના કાઉન્ટરની બાજુમા પડેલ કબાટ ખોલવા પ્રયત્ન કરતા પરંતુ ખુલેલ નહી અને ઓફીસનો સરસામાન વિખેલ પરંતુ તેમાથી કોઈ રોકડ રકમ કે દાગીના નહી મળતા પોતે જતા રહેલ હતાં.

# અમરેલીનાં વેપારીને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર આવેલ સંકુલની પાછળ, કરણપાર્ક સોસાયટીમાં રહેતા મનિષાબેન કમલેશભાઈ સાપરીયા નામની મહિલાના પતિની અમરેલીના રાજકમલ ચોકમાં આવેલ સાધના મોબાઈલ રીપેરીંગની દુકાને ગત તા. ૨૦ના બપોરના આશરે દોઢેક વાગ્યે જઈ આરોપી ગોપાલ ડાંગરે મહિલાના પતિને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી અને બાદમાં આ મહિલાના ઘરે ઘરની અંદર આરોપી ગોપાલ ડાંગરે તથા એક અજાણ્યો ઈસમ મહિલાના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી ગુન્હો કર્યાની મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# મોટા માચીયાળાની ન્યાય સમિતિનાં સદસ્યને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરાયા

અમરેલી, તા. ૨૧

અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામે રહેતા અનિભાઈ માણંદભાઈ ચાવડા નામના ૩૭ વર્ષિય ડ્રાઈવર યુવક મોટા માચીયાળા ગ્રામ પંચાયતના ન્યાય કમીટીના સભ્ય હોય. જેથી મોટા માચીયાળા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી બલદિપભાઈ ડાંગર પાસે પંચાયતના ન્યાય કમીટીના ચેરમેનના હોદાનુ લેટરપેડ લેવા જતા તલાટી કમ મંત્રીએ એકદમ ઉશ્કેરાઈ જઈ ગ્રામ પંચાયતના ન્યાય કમીટીના સભ્યને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી જ્ઞાતી પ્રત્યે હડધુત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### શિયાળબેટ ગામે થયેલ મારામારી બાદ સારવાર શરૂ હતી

# રાજુલાની હોસ્પિટલમાં સારવારમાં રહેલ દર્દીઓ ઉપર ૧૦ થી ૧૫ વ્યકિતઓએ હુમલો કરતા ખળભળાટ

### હોસ્પિટલમાં હાજર એડવોકેટ અરવિંદ ખુમાણ ઉપર પણ હુમલો





તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૨૧

રાજુલાની હોસ્પિટલમાં એક ગંભીર ઘટના સામે આવી છે. જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના બે જૂથો વચ્ચે થયેલી મારામારી બાદ આ ઘટના બની છે. મારામારીમાં ઘાયલોને રાજુલા હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં આવીને બીજા જૂથે ભારે ઉત્પાત મચાવ્યો હતો.

૧૦ થી ૧૫ લોકોનું ટોળું લાકડી અને ધોકા સાથે હોસ્પિટલમાં ઘૂસ્યું હતું. હુમલાખોરોએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી અને સારવાર લઈ રહેલા દર્દીઓ પર હુમલો કર્યો હતો.

સારવાર લઈ રહેલા દર્દીઓ સહિત પથી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટનાના દ્રશ્યોજનાં સીસીટીવી સામે આવ્યા છે.

મારામારીની ઘટનાને પગલે રાજુલા એએસપી વલય વૈદ્ય હોસ્પિટલ દોડી ગયા હતા. જયાં છકડાના ભાડે બાબતે ઝઘડો થયો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ હાલ ફરિયાદ લેવાની કાર્યવાહી કરી રહી છે. આરોપીને રાઉન્ડઅપ કરવા વિવિધ ટીમો બનાવી છે. હુમલાખોરોએ હોસ્પિટલમાં હાજર એડવોકેટ અરવિંદ ખુમાણ પર હુમલો કર્યો હતો અને તેમને જીવ બચાવવા માટે હોસ્પિટલની બહાર સુધી દોડવું પડ્યું હતું. તેઓએ પોલીસ સ્ટેશનમાં આશરો લીધો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો, પરંતુ હુમલાખોરો ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

આ સમગ્ર ઘટનામાં અરવિંદભાઈ ખુમાણ વકીલ તેમજ મન્જુબહેન લાખાભાઈ શિયાળ (ઉં.૩૮), કિશન લાખાભાઈ શિયાળ તેમજ દિનેશભાઈ ચકુરભાઈ હોસ્પિટલ સ્ટાફ ઈજાગ્રસ્ત થયેલ તેમજ શિયાળબેટ મારામારી થયેલ તેમાં સાગરભાઈ લાખાભાઈ શિયાળ તે પણ ઈજા ગ્રસ્ત થયેલ હાલ તમામ વ્યક્તિ રાજુલા સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે જોકે આ સમગ્ર ઘટના બાદ પોલીસે દ્વારા વિવિધ ટીમો બનાવી અને આરોપીને પકડવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે ત્યારે સમગ્ર ઘટના જયારે રાજુલા સિવિલ હોસ્પિટલમાં આ બની ત્યારે એક ફિલ્મી દ્રશ્યો જોવા મળેલા અને ભયનો માહોલ સર્જાયેલો.

### ડબલ મર્ડર કેસને લઈને

# ઢુંઢીયા પીપળીયા ગામે નાયબ દંડક કૌશિક વેકરિયાએ તપાસ અંગે રીવ્યુ મેળવ્યા

### આરોપીઓને ઝડપી લેવા સુચના આપી

વડિયા, તા. ૨૧

વડીયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામમાં વુપ્રધ દંપતી ના ડબલ મર્ડર નો બનાવ બન્યો હતો તેમા બે દિવસમાં શું શું તપાસ કરી એનું રીવ્યુ લેવામાં આવ્યું હતું.

વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વડીયા કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા એ બેસણામાં જઈ ને ડીવાઈ એસપી, દેસાઈ, એલસીબી પીઆઈ તેમજ પીએસઆઈ રૂબરૂ બોલાવી બે દિવસની તપાસની જાણકારી મેળવી



તસ્વીર : દિવ્યગગીરી ગોસાઈ–વડિયા

તથા જરૂરી સૂચનાઓ આપી હતી અને તપાસ માટે અલગ અલગ ૧૦ ટીમો બનાવીને તપાસ વધુ ઝડપી બનાવી આરોપી ને ઝડપી પાડી કડકમા કડક સજા માટે જરૂરી સૂચનાઓ આપી.

તેમજ મૃતક ના પુત્રોને સરકારી સહાય મળી રહે તે બાબતે ખેતીવાડીને લગતા તમામ અધિકારીઓ ને ફોન કરી જરૂરી સૂચનાઓઆપી.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી)નો પદગ્રહણ સમારોહ સંપન્ન



























સામાજીક મુશ્કેલીનો સામનો સંગઠન, સમાજ અને સામાજીક સંસ્થાઓનો સાથ અને સહકાર પરિણામ લાવનારૂ હોય છે તેમ આજે સારહિ તપોવન આશ્રમના પટાંગણમા લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના વર્ષ ૨૦૨૫–૨૬ના પદગ્રહણ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતા રાષ્ટ્રિય સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીએ જણાવી, નૂતન પદભારીત ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ઈસ્ટોલીંગ ઓફીસર મોનાબેન શેઠ એ સનાતન સંસ્કૃતિ આધારીત કાર્યશકિત ઉપરના સવિસ્તાર પ્રભાવક પ્રવચન એ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા તેઓએ જણાવેલ કે, માનવ સેવાની જયોત સદા પ્રજવલીત રહે તે જ સંસ્થાનું ગૌરવ છે. સામાજીક ભુમિકામા અને સામાજીક સેવા કાર્યોમા લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને સૌનો સહયોગ મળતો રહયો છે તે સૌભાગ્ય કહી શકાય, તેમ જણાવી સાંપ્રત સમય યુવા શકિત આધિન છે, યુવાનો દેશનું ભવિષ્ય છે તેવા સમયે સંસ્થાની વિચારધારા યુવાનીપૂર્વક કાર્યરત રહે તે સંસ્થા અને સમાજ માટે હિતકારી નિવડે છે તેમ જણાવેલ. લાયન્સ શબ્દ જ સેવા સાથે સંકળાયેલ છે, લાયન્સ સેવા નાનામાં નાના માનવી સુધી પ્રસરે તેવા પ્રયાસોજ મૂળ લાયનવાદ કહી શકાય તેમ જણાવી સેવા પ્રવૃતિ જનમન સુધી પહોચાડવા ભારપૂર્વક જણાવેલ. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના નવનિયુકત પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયાએ આગામી વર્ષની સેવાકીય પ્રવૃતિઓને વેગ સંપન્નતા બક્ષતી કલબની પરંપરાને સતત આગળ વધારવા કટીબધ્ધતા વ્યકત કરી વ્યવસાયીક અને સામાજીક જવાબદારીઓની સાથોસાથ લાયનવાદના ઉદ્દેશો અને ધ્યેયને ચરિતાર્થ કરવા દરેક લાયન્સ મીત્રોને વર્ષ દરમ્યાન ઓછામા ઓછો એક સેવાકિય પ્રોજેકટ આપી લાયનવાદની જયોતને વધુ પ્રજવલીત કરી સમાજના તમામ સ્તરને ઉપયોથી થવા અપીલ કરી હતી. લાયન્સ કલબ ઓફ અમરેલીના શપથ ગ્રહણ સમારોહમા દિલીપભાઈ સંઘાણી ઉપરાંત, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ધારીના પૂર્વ ધારાસભ્ય નલિનભાઈ કોટડીયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા સહકારી સંઘના યુવા પ્રમુખ મનિષભાઈ સંઘાણી, રીજીયન ચેરપર્સન લાયન જયેશભાઈ પંડયા, પૂર્વ ડિસ્ટીક ગર્વનર લાયન વસંતભાઈ મોવલીયા, લાયન કમલેશભાઈ શાહ, લાયન વિનોદભાઈ સરવૈયા, લાયન કૌશિકભાઈ હપાણી, લાયન બકુલભાઈ ભટ્ટ, (પ્રમુખ લાયન્સ કલબ ઓફ અમરેલી (મેઈન), લાયન રાકેશભાઈ નાકરાણી (પ્રમુખ લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ), લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન ભદ્રેશસિંહ પરમાર, લાયન મનોજભાઈ કાનાણી, લાયન નરોતમભાઈ સાકરીયા, લાયન વિનોદભાઈ આદ્રોજા, લાયન અશ્વિનભાઈ ડોડીયા, લાયન અશોકસિંહ ઝાલા, લાયન રિધ્ધેશભાઈ નાકરાણી, લાયન ભગવાનભાઈ કાબરીયા, લાયન નરેશભાઈ જોગાણી, લાયન મહેશભાઈ પટેલ, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન રમેશભાઈ ગોલ, લાયન પરેશભાઈ આચાર્ય, લાયન જીતુભાઈ ડેર, લાયન ભૂપતભાઈ ભુવા, લાયન રમેશભાઈ કાથરોટીયા, લાયન અશ્વિનભાઈ સંપટ, લાયન કિશોરભાઈ શિરોયા, લાયન ડો.વિરલભાઈ ગોયાણી, લાયન ડો.પ્રદિપભાઈ ધડુક, લાયન પ્રવિણભાઈ રાઠોડ, લાયન નિતીનભાઈ રાજપરા, લાયન નિલેષભાઈ ધોળકીયા, લાયન દિનેશભાઈ દેસાઈ, લાયન મુસ્તફાભાઈ આફ્રીકાવાલા, લાયન કૌશિકભાઈ ટાંક, લાયન નૈનેશભાઈ સિંઘવડ, લાયન કૌશલભાઈ દવે સહિત લાયન્સ પરિવાર એ નૂતન ટીમને અભિનંદન પાઠવ્યા હતા. શપથ વિધી સમારોહમા લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ની પ્રવૃતિમા પ્રત્યક્ષ અપ્રત્ક્ષ સહયોગી સંસ્થાઓને અભિવાદીત કરવામા આવેલ. સેક્રેટરીય અહેવાલ લાયન પ્રો. એમ.એમ.પટેલ એ રજુ કરેલ., લાયન દિનેશભાઈ સોરઠીયા દ્વારા ધ્વજ વંદન કરવામા આવેલ, સ્વાગત ઉદ્‌બોધન લાયન મનોજભાઈ કાનાણીએ કરેલ, આભાર વિધી લાયન રાજેશભાઈ માંગરોળીયાએ કરેલ જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદઘોષક લાયન શરદભાઈ વ્યાસ દ્વારા કરવામા આવેલ તેમ લાયન પરેશભાઈ કાનપરીયાની અખબારી યાદીમા જણાવાયેલ છે.

## ૪૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ અને શિક્ષિકાઓ ઉપર સતત જોખમ

# જાફરાબાદની પ્રાથમિક શાળા જમીનદોસ્ત થાય તેવી સ્થિતિમાં

**કોઈ ગંભીર દુર્ઘટનાં બનવા પામે તે પહેલા યુધ્ધનાં ધોરણે શાળાનું મકાન નવું બનાવો**

**વહીવટીતંત્ર ગોકળ ગાયની ગતિ છોડીને બુલેટ ગતિએ કામગીરી શરૂ કરાવે તેવી માંગ**

**આગ લાગે તે પછી કૂવા ખોદવા કરતાં પાણી પહેલા પાળ બાંધવી જરૂરી**

**શિક્ષણાધિકારી સહિતનાં ઉચ્ચ અધિકારીઓ સ્થળ નિરિક્ષણ કરે તેવી માંગ**



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદ ખાતે આવેલ શ્રી પ્રાથમિક કન્યા શાળા કે જે ઝળુંબતુ મોત સમાન હોય કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની..?? આ શાળાના રૂમમાં અને સેલ્ફમાં મસ મોટી તિરાડો પડી હોય વરસાદ દરમિયાન પાણી પણ કલાસમાં ભરાઈ જતા હોય છે. અંદાજીત ૪૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ આ ઝળુંબતા મોતના ઓથા હેઠળ અભ્યાસ કરી રહ્યા હોય આ શાળાની કોઈ દીવાલો કે કોઈ છત ધરાશાયી થઈ તો અનમોલ માનવ જીંદગી જોખમાઈ તેવી જર્જરિત હાલતમાં ઉભેલી આ શાળાને નવનિર્માણ કરવા માટે નિંદ્રાધીન તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સુતેલું જાગશે કે પછી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે. આ શાળાની હાલત જર્જરિત હોવાથી કન્યાશાળામાં અંદાજિત ૪૦૦થી ઉપર દીકરીઓ ભણે છે તેમનો જીવ જોખમમાં હોય. આ કન્યાશાળાની હાલત એકદમ મસમોટી તિરાડો પડી છે. શિક્ષકો અને શિક્ષિકાઓમાંથી જાણવા મળ્યું કે વેકેશન પછી આ સ્કૂલ બનાવવાની પરમિશન આવી ગઈ છે તો પણ હજી ત્યાં કામગીરી કેમ કરવામાં આવતી નથી. અહીંના શિક્ષકો દ્વારા કહેવામાં આવ્યું હતું કે ઉપરથી મંજૂરી આવી ગઈ હોય પણ તે કોઈ કારણોસર અટકી છે. તો સરકાર અને જે કોઈ અધિકારી આવતા હોય તે લોકોએ ધ્યાન દેવું જરૂરી છે. કારણ કે અહીં શાળાના કલાસનો ઉપલો ભાગ સાવ નીચે ઝુંકી ગયો હોય કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં આ સ્કુલનું નવનિર્માણ કરવાની તસ્દી તંત્ર દ્વારા સત્વરે હાથ ધરવામાં આવે તેવી વાલીઓમાંથી માંગ ઉઠી રહી છે.

### બેન્કનાં ગ્રાહકો ત્રાહીમામ પોકારી ગયા

# લ્યો બોલો : લીલીયામોટા ખાતે SBIનું ATM શોભાનાં ગાંઠીયા સમાન

**ઉચ્ચ અધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ**

લીલીયા, તા. ૨૧

લીલીયામાં આવેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા શાખા નો પાછલા કેટલા દિવસોથી વહીવટ કથળ્યો હોવાના કારણે મોટાભાગના ગ્રાહકોમાં નારાજગી/કચવાટ જોવા મળી રહ્યો છે. વર્તમાન સમયમાં બેન્ક સ્ટાફ કર્મચારીઓ બિન ગુજરાતી હોવાથી સ્થાનિક ગ્રાહકો અને તેમાં ખાસ સિનિયર સિટીઝનો ને ભાષાકીય મુશ્કેલી પડી રહી છે. તેવા સમયે એ.ટી.એમ. મશીન પણ કોઈ




કારણોસર પાછલા કેટલા દિવસોથી બંધ હોવાથી ગ્રાહકને પોતાના પર આવેલ આફત, મુસીબત કે દવાખાનાના અથવા તો વ્યવહારિક કામ માટે પૈસાની લેવડદેવડ કરનાર ગ્રાહકોની મુશ્કેલીમાં વધારો થવા પામેલ છે. તેવા સમયે ઉચ્ચકક્ષાએથી ઘટતું કરવા માં આવે તેવી લોક માગણી ઉઠવા પામી છે. તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ખુશ ખબર સારા સમાચાર
TATA AIA LIFE INSURANCE
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોય, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી.
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેન્સીંગ,ઓટોમેટીક ટાયર ફીટીંગ,નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241




નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254




મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA




જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુહનું ઓપરેશન
➤ એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઇક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧,સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ,અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
MAHAJAN મહાજન કેટરર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

# નાના માચીયાળા અને સાવરકુંડલા ચોકડીનાં પુલનું નિરિક્ષણ કરતા પ્રભારી સચિવ



અમરેલી જિલ્લાના પ્રભારી સચિવ સંદીપકુમારે આજે જિલ્લાના માર્ગ–મકાન, જર્જરીત અને ભયજનક બિલ્ડિંગ, પાણી પુરવઠા માટેની ટાંકીઓ સહિતની સરકારી મિલકતોની વર્તમાન મોજૂદા સ્થિતિની સમીક્ષા કરી હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક પૂર્વે પ્રભારી સચિવ સંદિપકુમારે નાના માચીયાળા નજીક જર્જરિત બ્રીજ, સાવરકુંડલા ચોકડી બાયપાસ નજીક ઠેબી નદી પરના બ્રીજનું નિરિક્ષણ–સ્થળ તપાસણી કરી હતી. પ્રભારી સચિવએ બ્રીજની વર્તમાન સ્થિતિ, બ્રીજ પરનો વાહન વ્યવહાર, લોકોની અવર જવરને લઈને અવલોકન કર્યુ હતુ. અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા પ્રભારી સચિવની વિવિધ બ્રીજની સ્થળ મુલાકાત વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠકમાં પ્રભારી સચિવ સંદિપકુમારે જણાવ્યુ કે, જિલ્લા વહીવટી તંત્ર એક ટીમ તરીકે કામ કરે છે, એટલે કોઈ ઔપચારિકતા વગર દુર્ઘટના ન ઘટે તે બાબતને લઈને વિશેષ કાળજી રાખવી અનિવાર્ય છે. જિલ્લામાં જર્જરિત બ્રીજ સહિતની બાબતોને લઈને કોઈ દુર્ઘટના ન બને તે માટે સાવચેત રહેવા અને જરૂરી તમામ કાળજી લેવા સહિતની સૂચનાઓ ઉપસ્થિત તમામ અધિકારીઓને આપી હતી.

### જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂની માંગ

## અમરેલી જિલ્લામાંથી પસાર થતાં ભાવનગરથી સોમનાથ સુધીના હાઈ–વેનાં કાર્યની તપાસ કરો

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા.૨૧,

ભાવનગર થી સોમનાથ સુધીનો કોસ્ટલ નેશનલ હાઈવે અમરેલી જિલ્લામાંથી પસાર થાય છે.આજ માર્ગ પર તાજેતરમાં અમુક જગ્યાએ નવીન રોડ બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, અને અમુક સ્થળે હજુ કામ ચાલુ છે.

પરંતુ લોકોએ અનુભવ્યું છે કે જયાં કામ પૂર્ણ થયું છે, ત્યાં નાળા,પુલિયા,બ્રિજ,સાઈડ દીવાલ દિવાલો તેમજ સી.સી. રોડની ગુણવત્તા શંકાસ્પદ



છે. કેટલીક જગ્યાએ રોડ ધરાશાયી થવાની શકયતા છે, જેને લીધે માનવ જાનહાનીની આશંકા નકારી શકાય નહીં.

વધુમાં જણાવેલ છે કે, સમગ્ર હાઈવે, ખાસ કરીને પુર્ણ થયેલ કામોનું નિરીક્ષણ કરી ગુણવત્તાની તપાસ કરવામાં આવે. જયાં રોડ તૂટી શકે તેવી શકયતા હોય ત્યાં તાત્કાલિક રિપેર અથવા ડાઈવર્ઝનની વ્યવસ્થા કરવામાં આવે.સર્વિસ રોડની સાઈડ પર લગાવવામાં આવેલી પ્રીકાસ્ટ દિવાલો તથા પુલોની મજબૂતાઈની પણ સમીક્ષા કરી. ભવિષ્યમાં કોઈ દુર્ઘટના ન બને તે બાબતે કડક પગલાં લેવામાં આવે.તેવી માંગ અંતમાં કરેલ છે.

## ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા પીએમશ્રી જેસીંગપરા કન્યાશાળાને White Boardની ભેટ



અમરેલી, તા. ૨૧

ઈનર વ્હીલ કબલ ઓફ અમરેલી ગીર દ્વારા અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પીએમ જેસીંગપરા કન્યાશાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે જમ્બો સાઈઝના ૨ White Boardની સુંદરમજાની ભેટ આપવામાં આવી. કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્ય દ્વારા ઈનર વ્હીલ કબલ ઓફ અમરેલી ગીરના પ્રેસિડેંટ નિધિબેન મહેતા, સેક્રેટરી બીનાબેન ત્રિવેદી તેમજ ટીમ મેમ્બર્સ સંગીતાબેન જીવાણી, ચેતનાબેન પરસનીયા, રૂપાબેન મોદી તથા રાધિકાબેન ગોલનું ભાવભીનું સ્વાગત કરી બાળકોને અપાયેલ ભેટનો સ્વીકાર કરવામાં આવ્યો. આ અગાઉ ઈનર વ્હીલ કબલ ઓફ અમરેલી ગીર દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓના બી.અમે.આઈ. રિપોર્ટનો લાભ અપાયો હતો. તદુપરાંત નારી સશકિતકરણ જેવા વિવિધ અવેરનેસ પ્રોગ્રામોનો પણ લાભ મળતો રહે છે એમ શાળાના આચાર્ય અર્ચનાબેન ભટ્ટની યાદી જણાવે છે.

## જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડી, કુટકી, કુતુ - સ્વાસ્થ્યવર્ધક મિલેટ



અમરેલી, તા. ૨૧

મીલેટ એટલે જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીની, કોડો, કુત્તુએ નાના–બીજવાળા ઘાસનો અત્યંત વૈવિધ્યસભર સમુહ છે. સમગ્ર વિશ્વમાં પાકો અને પશુ ચારા માટે ઉપયોગમાં આવે છે. એશિયા અને આફ્રિકા (ખાસ કરીને દક્ષિણ ભારત, માલી, નાઈજીરીયામાં) જેવા અર્ધ–ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં બાજરી મહત્વનો પાક છે. આ પાક તેની ઉત્પાદકતા અને શુલ્ક, ઉચ્ચ–તાપમાનની સ્થિતિમાં અનુકુળ છે. મીલેટનાં ઘણા પ્રકાર છે. મીલેટનાં સમુહને બાજરી તરીકે પણ ઓળખાય છે. ઘઉં અને ચોખા સૌથી વધુ લોકપ્રિય અનાજમાં હોઈ શકે છે. પરંતુ બાજરી આજે ઉપલબ્ધ અનાજમાં સૌથી આરોગ્યપ્રદ છે. બાજરી એ કુદરતી રીતે ધાન્યનાં લોટમાં રહેલ નત્રિલદ્રવ્યથી મુકત છે અને મોટાભાગની વાનગીઓમાં ચોખા અને ઘઉંનો ઉતમ વિકલ્પ છે. મોટાભાગનાં પ્રદેશોમાં બાજરી તેમના સ્થાનિક નામોથી ઓળખાય છે. સૌથી વધુ લોકપ્રિય ભારતીય બાજરી પર્લ બાજરી છે. જેને હિન્દીમાં બાજરા કહે છે. ભારત દેશમાં તો આઝાદી પહેલાનાં સમયમાં બાજરી જ ભોલજ તરીકે લેવાતી હતી. એવું માનવામાં આવે છે કે ભારતીય મોસમને બાજરી ન અનુકુળ ખોરાક છે. જેનું પાચન દરેક ઋતુમાં સરળતાથી થઈ જાય છે. એક માન્યતા અનુસાર ઘઉં તો ભારતમાં અંગ્રેજોએ લાઝયા હતા. એવું કહેવાય છે. મીલેટ પ્રમાણમાં સસ્તું પણ છે. મીલેટનાં અસંખ્ય સ્વાસ્થ્ય લાભો છે તે બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, ઓબેસિટી, હાઈપરટેન્શનનાં સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. હૃદય સબંધી રોગોમાં ફાયદાકારક છે. પેટ અને લીવરની બીમારીઓથી લડવા માટે પણ ઉપયોગી છે. મીલેટનાં ઉચ્ચ પોષક તત્વોને કારણે તેને 'પોષક–અનાજ' ગણવામાં આવે છે. તેઓ વિટામિન્સ અને ખનિજોથી સમૃધ્ધ છે. જેમાં આયર્ન અને કેલ્શિયમનો સમાવેશ થાય છે. આખા અનાજ તરીકે, મીલેટ વિવિધ પ્રમાણમાં ફાઈબર પ્રદાન કરે છે. જે આંતરડાનાં કાર્ય નિયત્રિત કરે છે.

ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં મિલટનાં મહત્વ વિષે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'યુનાઈટેડ નેશન્સએ ૨૦૨૩નાં વર્ષને ઈન્ટરનેશનલ પર ઓફ મીલેઠસ' તરીકે જાહેર કર્યુ છે. ભારત વિશ્વમાં મીલેટનું સૌથી વધુ ઉત્પાદક દેશ છે. મીલેટની લણણી બાદ વધેલા ભુસાને પશુઓ માટે ઘાસચારા તરીકે ઉપયોગમાં લેવાય છે.

–મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨૨૧૯૯૯)

## દામનગરનાં ૧૫૦ જેટલા પરિવારોને આવાસ યોજનાનો લાભ મળતો નથી

દામનગર, તા. ૨૧

દામનગર નગરપાલિકા તંત્ર વાહકો એ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં માત્ર અભિપ્રાય આપવાનો હોય કે અખેડા કરવાના ? વર્ષ ૨૦૧૯ થી પાલિકાના ટપાલ દફતરે થયેલ ૧૫૦ જેટલી આવાસ યોજના ની દરખાસ્તો માં છ વર્ષ સુધી તંત્ર વાહકો એ અભિપ્રાય ન આપ્યો એટલે દરખાસ્તમાં જોડેલ આવકના દાખલાની મર્યાદા જતી રહી લાભાર્થીઓને છ વર્ષબાદ બોલાવી ને આવકના દાખલા નવા કઢાવતા દરખાસ્તો ઓનલાઈન કરવા પરત કરાય આવું કેમ ? ૧૫૦ જેટલી પ્રધાનમંત્રી આવાસ યોજનાની દરખાસ્તો છ વર્ષ સુધી અભિપ્રાય ન આપી ઈનવોર્ડ કરાયેલ દરખાસ્તો ઓનલાઈન કરવા પરત આપી પણ ૪૨ જેટલી દરખાસ્તો કાઢી નાખવામાં આવી. સયુંકત પણાની મિલ્કતો સંમતિ વાળી વારસાઈ કે દસ્તાવેજ વાળી મિલ્કતોમાં આવાસ યોજનાની દરખાસ્ત પડતી મુકાય પણ વિચિત્ર હરકત તો એ છે કે કોઈ નિરાધાર હોય સંતાનમાં માત્ર દીકરી ઓજ હોય તેવી દરખાસ્તો પણ ન મોકલાય કારણ વારસદાર કોણ? શુ દીકરી સંતાનમાં ગણાય ? પ્રધાનમંત્રી આવાસ માટે દીકરો દત્તક લેવો પડશે ? વર્ષો થી ઘર ના ઘર ની રાહમાં અનેક ગરીબ પરિવારો ને પાલિકાના તંત્ર વાહકો ટટળાવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના મેનેજર કરતા આવાસ યોજનામાં અભિપ્રાય આપવામાં ઈજનેરના અખેડા કેમ?

### ભાજપ અગ્રણી સ્વ. પ્રેમજીભાઈ નાકરાણીની પુણ્યતિથિ નિમ્તિ

## બાબરા જામબરવાળામાં આજે સર્વરોગ નિદાન અને મહા રકતદાન કેમ્પનું આયોજન

### ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીનાં સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે

બાબરા, તા. ૨૧

બાબરાના જામબરવાળા ગામના અને જિલ્લા ભાજપ વરિષ્ઠ અગ્રણી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ખેડૂત અગ્રણી સ્વર્ગસ્થ પ્રેમજીભાઈ નાકરાણી ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ આજે તારીખ ૨૨/૭/૨૫ ને મંગળવાર ના રોજ જામબરવાળા મુકામે કરવામા ઉજવણી કરવામાં આવશે.

જેમાં સર્વરોગ નિદાન કેમ્પ તેમજ મહારક્તદાન કેમ્પ સહિતના સામાજિક અને સેવાકીય કાર્યક્રમો યોજાશે અહીં રકતદાન કેમ્પમાં ગજેરા હોસ્પિટલનો પૂરતો સહયોગ મળશે તેમજ સરવરોગ નિદાન કેમ્પમાં સુરતની મલ્ટીસ્પેશિયલ પી પી માણિયા હોસ્પિટલ ના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન કરવામાં આવશે.

અહીં ગામની પ્રાથમિક શાળામાં સવારના ૯ થી સાંજ સાંજ ના ૫ વાગ્યા સુધી સેવાકીય કાર્યક્રમો યોજાશે જેમાં જિલ્લાના સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી, રાજકોટમાં સાંસદ પુરૂષોત્તમભાઈ રૂપાલાં, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ



કાનાણી, રાષ્ટ્રીયભાજપ કિસાન મોરચાના મહામંત્રી બાબુભાઈ જેબલિયા, પ્રદેશ ભાજપ યુવા પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, સુરેશભાઈ ગોધાણી જિલ્લા ભાજપ પ્રભારી,પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા, સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજયના મુખ્ય નાયબ દંડક કેશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સહિતના તમામ ધારાસભ્ય, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, મેહુલભાઈ ધોરાજીયા સહિત બાબરા લાઠી અને દામનગર વિસ્તારના શહેર અને તાલુકા અને શહેર ભાજપના પ્રમુખ નગરપાલિકા અને તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના સભ્યો અને પ્રમુખ વિવિધ સેલ અને મોરચાના પ્રમુખ અને અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી સ્વર્ગસ્થ પ્રેમજીભાઈ નાકરાણી ને શ્રદ્ધાસુમન અર્પણ કરી સેવાકીય કાર્યમાં સહયોગ આપશે. જામબરવાળા ખાતે આયોજિત સર્વરોગ નિદાન કેમ્પ અને મહારક્તદાન કેમ્પમાં બાબરા ના વિવિધ સેવાકીય મંડળ તેમજ સંસ્થાઓ અને મંડળ દ્વારા પૂરતી સેવાઓ કરવામાં આવશે.

અમરેલી જિલ્લા યુવા ભાજપના મહામંત્રી અને પ્રેમજીભાઈના પુત્ર જગદીશ નાકરાણી ના સીધા માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને તેઓ દ્વારા તાલુકાના લોકો ને મોટી સંખ્યામાં રકતદાન કરવા અને નિદાન કેમ્ નો લાભ લેવા જાહેર અનુરોધ કરેલ છે.

# હાથસણી ગામે રૂપિયા ૩૦ લાખના ખર્ચે બનેલ નવા પેટા આરોગ્ય કેન્દ્રનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ



સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે રૂપિયા ૩૦ લાખના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું લોકાર્પણ કાર્યક્રમ બાદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ નવું પેટા આરોગ્ય કેન્દ્ર હાથસણી ગામ અને આસપાસના વિસ્તારના લોકોને વધુ સારી આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં મદદરૂપ થશે. આ પ્રસંગે તાલુકા પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પીસાઈ સમિતિના ચેરમેન લાલભાઈ મોર, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, તાલુકા બાજુ મહામંત્રી પ્રકાશભા પાનસુરીયા, તાલુકા પંચાયત પૂર્વપ્રમુખ મનુભાઈ ડાવરા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ ખુમાણ, સરપંચ એસોસીએશનના પ્રમુખ હિતેશભાઈ ખાતરાણી, તાલુકા ભાજપ મંત્રી વિપુલભાઈ શિંગાળા, મહેશભાઈ ભાલાળા ભાજપ અગ્રણી ભાવેશભાઈ ખૂંટ, હાથસણી ગામના ભાજપ અગ્રણી શિવરાજભાઈ ખુમાણ તેમજ હાથસણી ગામના સરપંચ ગામના આગેવાનો આરોગ્ય વિભાગના ડોકટરો તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# અમરેલી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ






અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને નાયબમુખ્યદંડક અને અમરેલી વડીયા, કુંકાવાવ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા, લીલીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને રાજુલા–જાફરાબાદ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારી બગસરા ધારાસભ્યજે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં, જનપ્રતિનિધિઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, સિંચાઈ, પાણી, અરજદારોને લોન સહાય, સહકારી મંડળીઓના યુરિયા સ્ટોરેજ સહિતની પ્રાથમિક સુવિધા, જમીન માપણી અને જમીન સંપાદન સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે,નાગરિકોનાપ્રશ્નોનુંહકારાત્મક નિરાકરણ કરવા માટે સંબંધિત કચેરીઓના વડાઓને જરૂરી સંકલન કરવા સૂચના આપી હતી. માર્ગ અને મકાન (પંચાયત અને રાજય), તેમજ માર્ગને લગતાતેમજઅન્યવિકાસકાર્યોને ઝડપથી પૂર્ણ કરવા જિલ્લા કલેકટરએ દિશાનિર્દેશ આપ્યા હતા. જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકની સાથે અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહકસુરક્ષાસલાહકારસમિતિનીબેઠક પણયોજાઈહતી.બેઠકસંચાલનનિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતું. બેઠકમાં, નાયબ મુખ્ય દંડક અને અમરેલી વડીયા–કુંકાવાવ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા લીલીયાધારાસભ્યમહેશભાઈ કસવાલા અને રાજુલા–જાફરાબાદ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારી બગસરા ધારાસભ્ય જેવી કાકડીયા, જિલ્લાવિકાસ અધિકારીપરિમલ પંડયા, જિલ્લાપોલીસ વડા સંજય ખરાત, નાયબ વન સંરક્ષક, સુપર ન્યુમરિરી આઈ.એ.એસ. અતુલ સિંઘ, નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, પ્રાંતઅધિકારીઓ, માર્ગઅનેમકાન (રાજયઅનેપંચાયત), સિંચાઈ, જળસિંચન સહિત વિવિધ કચેરીઓના કાર્યપાલક ઈજનેરો, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ અને વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિતના બેઠકમાં ઉપસ્થિત રહ્યાહતા.

### પાલિકા પ્રમુખની સુચના અને માર્ગદર્શન હેઠળ

## બાબરાનાં પંચકુંડ મંદિર આસપાસ અને મુખ્ય માર્ગો ઉપર સફાઈ કાર્ય થયું

### નગરસેવક ધર્મેશ વાવડીયા સતત દેખરેખમાં

બાબરા, તા. ૨૧

બાબરામાં પવિત્ર શ્રાવણમાસ નજીકઆવતાશહેરનાશિવાલયઆસપાસ ગંદકી કે ઉદરડા તેમજ માર્ગોની સફાય નગરપાલિકા ધ્વારા સ્વચ્છતા અભિયાન હેઠળ હાથ ધરવામાં આવી છે. શહેરમાં આવેલ પૌાણિક શિવાલય શ્રી નીલકંઠ મહાદેવ પંચકુંડમાં શહેરના લોકોની ભારે આસ્થા જોડાયેલી છે. અહી નિયમિત અનેક શ્રધ્ધાળુ દર્શન માટે આવે છે. પણ પવિત્ર શ્રાવણમાસમાંમોટીસંખ્યામાંશહેરમાંતેમજ તાલુકાનાભાવિકોપણમોટીસંખ્યામાંદર્શન અર્થે આવે છે.

ત્યારે આ વિસ્તરના સભ્ય ધર્મેશ વાવડીયા ધ્વારા પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર ને રજુઆત કરવામાં આવતા તેઓ ધ્વારા શહેરના તમામ શિવાલયનીઆસપાસતેમજમુખ્યમાર્ગોની નિયમિત સફાય જળવાઈ રહે તેવી સુચના આપતા સ્ટાફ કામે લાગ્યો હતો અને અહી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પંચકુંડ શ્રી નીલકંઠ મહાદેવના મંદિર પાસે મુખ્યમાર્ગમાંવિશેષસ્વચ્છતાઅભિયાનવોર્ડ સભ્ય ધર્મેશભાઈ વાવડીયાની આગેવાની હેઠળએકટુકડીબનાવીહાથધરવામાંઆવ્યું હતું. અહીમંદિરનીઆસપાસજીસીબીવડે બાવળઝાડીજાખરાઅનેબોરડીદુરકરવામાં આવીહતી. તેમજમાર્ગોનીસફાઈ કરવામાં આવીહતી. વોર્ડસભ્યધ્વારાજણાવ્યુંહતુંકે પવિત્રશ્રાવણમાસદરમિયાનપુરતીસફાય જળવાઈ રહેતેમાટેઅમેસતતજાગૃતછીએ તેમજ આગામી તહેવારો ને લઈ મંદિર આસપાસ થતી ગંદકી દુર કરવા પાલિકા સજજરાખયામાંસાથેસાથેલોકોપણપુરતી સ્વચ્છતા જાળવી રાખે તે જરૂરી છે. આગામી દિવસોમાં પંચકુંડ તેમજ આસપાસનીજગ્યાએબ્યુટીકેશનકરવાની પાલિકામાંરજુખાતકરવામાંઆવેલછે.જે ટુકસમયમાં મંજુરી આવતા કામગીરી શરૂ કરવામાં આવશે. તેવું વોર્ડ સભ્ય ધર્મેશ વાવડીયાએ અંતમાંજણાવ્યુંહતું.

### સંતો અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં

## અંતે બગસરાથી અમરેલી તરફ જતાં માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

### ૩ મહિનામાં કામ પૂર્ણ કરવાનુ આશ્વાસન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૨૧

બગસરાથી અમરેલી જવાનો એકમાત્ર રોડ એની હાલત ભયંકર પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હતી. જયારે આ રોડ પહેલા પણ બે કે ત્રણ વાર બનાવ્યો હતો પરંતુ પાણીનોપ્રવાહવધારે પડતોરહેવાથીઆરોડઅતિબિસ્માર થઈ ગયેલોહતો. જયારે લોકોનીઅનેક વખત રજૂઆત કરવાથી અંતે આ રોડનું ખાતમુહૂર્ત કરાયું હતું. જયારે આ રોડ ર. ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે સીસી રોડ બનાવવાનુંઅનેતેમાંપણવચ્ચેડિવાઈડર વાળો રસ્તો બનાવવાનું બજેટ મંજુર થયું હતું. ત્યારે ગઈકાલના રોજ ધારાસભ્ય તેમજ આપાગીગાના મહંત જેરામ બાપુ અનેસ્વામિનારાયણમંદિરનામહંતઅને અન્યરાજકીયનેતાઓનેઉપસ્થિતિમાન આરોડનુંખાતમુહૂર્તકરવામાંઆવ્યુંહતું. ખાતમુહૂર્ત થવાની સાથે જ લોકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યોહતો. અનેઆનંદની લાગણી પણ છવાઈ ગઈ હતી. જયારે બીજી તરફ લોકોમાંચર્ચાપણઉઠવાજઈ રહીહતીકેઆરોડશહેરનાઅન્યરોડની જેમ લોટ પાણી અને લાકડા જેવોના બનાવેતોસાઢંતેવીચર્ચાઓપણલોકોમાં ઉઠી હતી. જયારે આ રોડ ઘણા સમયથી બીસ્માર હાલત હોવાથી લોકોને ભયંકર હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે આ રસ્તો સારો અને ટકાઉદાર બનાવે તેવી લોકોમાં માંગ પણ ઉઠી છે. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, નગરપાલિકાના પ્રમુખ પતિ એવી રીબડીયા, ધીરૂભાઈ કોટડીયા ,મનોજભાઈ મહિડા, અનિલભાઈ વેકરીયા, અશોકભાઈ પંડયા, રાજુભાઈ ગીડા, નગરપાલિકાના હેડ કલાર્ક બી એસ ખીમસુરીયા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર સહિતના ભાજપના કાર્યકર્તાઓ પત્રકારો ઉપસ્થિતિમાં ખાતમુરત કરવામાં આવ્યું હતું. આ ખાતમહૂતમાં ત્રણ માસમાં આ રોડ પરૂ કરવા ધારાસભ્ય જેવી કાકડીયાએ ખાતરી આપી હતી.

### અનુકંપા ફાઉન્ડેશન દ્વારા

## અમરેલીથી સોમનાથ–દ્વારકાનો બીજા પ્રવાસનું ગુરૂવારે પ્રસ્થાન થશે

### સ્વ.ચંદુભાઈ સંઘાણીની સ્મૃતિમાં સંઘાણી પરિવારે સહયોગ કર્યો

અમરેલી, તા. ૨૧

અનુકંપા ફાઉન્ડેશન – અમરેલી દ્વારા અમરેલી જીલ્લાના સીનીયર સીટીઝનોને તુલશીશ્યામ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, વીરપુરની ત્રણ દિવસની યાત્રાનું આયોજન પ્રતિમાસ કરવામાં આવે છે.

ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારના જણાવ્યાં મુજબ દર મહિને ૫૦ વડીલોને આ રીતે વિનામૂલ્યે પ્રવાસ કરાવાય છે. અનુકંપા ફાઉન્ડેશને આ રીતે જીલ્લાના ૧૦૦૦ વડીલોને આ તીર્થયાત્રા કરાવવાનો સંકલ્પ કરેલ છે.

આ મહીને સંઘાણી પરિવાર દ્વારા સ્વ. ચંદુભાઈ સંઘાણીની સ્મૃતિમાં આ યાત્રા પ્રવાસ માટે ૫૧ હજારનું અનુદાન ફાઉન્ડેશનને પ્રાપ્ત



થયેલ છે. તા.૨૪/૨૫/૨૬ જુલાઈના આ યાત્રા પ્રવાસનો પ્રારંભ તા.૨૪ જુલાઈના ગુરૂવારે સવારે ૮ વાગે અમરેલી રેડક્રોસ ભવનથી થશે જયાં સંઘાણી પરિવાર વતી કાળુભાઈ સંઘાણી તથા મુકેશભાઈ સંઘાણી યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

આ યાત્રાને સફળ



બનાવવા નયનભાઈ જોષી (બેદી), મિશ્રા માસ્તર, ભીખુભાઈ અગ્રાવત, કમલેશભાઈ ગરાણીયા, ચેતનભાઈ રાવળ, મધુભાઈ આજુગીયા, મનીષભાઈ મોરઝરીયા (શિવ–ધારી), કિરણભાઈ નાંઢા જહેમત ઉઠાવી રહયા છે.

### એસપીની સુચનાથી ૧૮૧ અભયમ્ અંગે

## અમરેલીમાં ભીડભાડવાળી જગ્યાઓએ મહિલાઓને જાગૃત કરવામાં આવી

### અસામાજિક તત્વો અને રોમિયોગીરી અંગે જાગૃત કરાઈ



અમરેલી, તા. ૨૧

અમરેલીના પોલીસ અધીક્ષક સંજય ખરાતએ જીલ્લામાં પોલીસ વિભાગની શી ટીમને ભીડભાડ વાળી જગ્યાની મુલાકાત લઈ અને અસામાજીક તત્વો તથા રોમીયોગીરી વિશે જાગૃત કરવા તથા ૧૮૧ અભયમ અંગેની જરૂરી માહિતી પુરી પાડવા સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળ અમરેલી રૂરલ પોલીસ શી–ટીમ દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના ભીડભાડ વાળી જગ્યાએ જઈ મહિલાઓને અસામાજીક તત્વો તથા રોમીયોગીરી બાબતે જરૂરી માર્ગદર્શન આપી તથા ૧૮૧ અભયમ વિશે જાણકારી આપી જાગૃત કરવામાં આવેલ તેમજ સિનિયર સિટીઝનની મુલાકાત લેવામાં આવેલ હતી.

### જાફરાબાદના યુવકનું ઘટનાસ્થળે મોત, એકને ઈજા

## અમરેલી ચોકડી પર બોલેરો-બાઈક વચ્ચે અકસ્માત થયો

### બોલેરો ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા રાજુભાઈ ગુણાભાઈ સોલંકીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું

અમરેલી,તા.૨૧

સવારકુંડલા-અમરેલી ચોકડી રોડ પર આજે સવારે બોલેરો અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક સવાર એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું, જયારે અન્ય એક વ્યક્તિને ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, જાફરાબાદના મીતીયાળા ગામના રાજુભાઈ ગુણાભાઈ સોલંકી (રહે. મીતીયાળા, તા. જાફરાબાદ) અને અન્ય એક વ્યક્તિ બાઈક પર જાફરાબાદથી અમરેલી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલી એક બોલેરો ગાડી સાથે તેમનો અકસ્માત થયો હતો. બોલેરો ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા રાજુભાઈ ગુણાભાઈ સોલંકીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યારે મૃતક રાજુભાઈ સોલંકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખાંભાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે ખાંભા પોલીસે જાણ થતા તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી હતી અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેશનલ સ્પીકર ડો. સ્વામીનાથનનો સેમિનાર યોજાયો







અમરેલી, તારીખ ૧૯ જુલાઈ ૨૦૨૫ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે એક અતિ પ્રેરણાદાયી સેમિનારનું આયોજન થયું જેમાં ઈન્ટરનેશનલ મોટિવેશનલ સ્પીકર બ્ર.કુ.ડા.ઈ.વી. સ્વામીનાથન વિશેષ ઉપસ્થિતરહી વિદ્યાર્થીઓને ''એકાગ્રતા'' વિશે વિસ્તૃત સમજણ સાથે યાદ શકિત વધારવા પર અલૌકીક ઉર્જા સ્વરૂપ વકતવ્ય આપ્યું હતું. તેમના આધ્યાત્મિક પ્રેરક વકતવ્યમાં તેમણે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા કે, દરેક વિદ્યાર્થીએ અભ્યાસમાં આગળ વધવા માટે આધ્યાત્મિક ઉર્જાનો જીવનમાં જ્ઞાનરૂપી સ્મરણ શકિત દ્વારા એકાગ્રતા મેળવી શકે છે. આ પ્રસંગે બ્રહ્માકુમારી સેન્ટરથી બ્ર.કુ. કિંજલદીદી અને બ્ર.કુ. બહેનો–ભાઈઓ તેમજ સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, સુપરવાઈઝર, ઈન.પ્રિન્સિપાલ, શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા. વિદ્યાર્થીઓ માટે આ એક પ્રવચન નહોતું, પરંતુ જીવનમાં નવી દિશા આપતું માર્ગદર્શન હતું. ઉત્સાહ અને ઉલ્લાસભેર વિદ્યાર્થીઓએ પ્રેરણા લીધી અને બ્ર.કુ.ડા.ઈ.વી. સ્વામિનાથનના વચનોથી જીવનમાં મજબૂત મનોબળ વિકસાવવાનો વિાસ વ્યક્ત કર્યો. કાર્યક્રમના અંતે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટરએ બ્રહ્મકુમારીમાંથી આવેલ તમામનો આભાર વ્યકત કર્યો હતો. ડા.ઈ.વી. સ્વામીનાથન સર ઈન્ટરનેશનલ સ્પીકર સાથે દેશમાં IIT, IIM, સ્કુલ, કોલેજીસ, હોસ્પિટલ, મિલેટરી, પેરા મિલેટરી ફોર્સ, પોલીસ ફોર્સ–એર ફોર્સ–નેવી, B.S.F, CRPF, CISF, NSG,CBI વગેરે વિભાગોમાં મેડીટેશન ટ્રેનિંગ અને સેમિનારમાં સેવા આપેલ છે. વિદ્યાર્થીઓના ચહેરા પર અધ્યાત્મિક સકારાત્મકતા અને ઊર્જા જોવા મળી, જે સાબિત કરે છે કે આ પ્રકારના ઉદબોધનો માત્ર ભાષણ નથી, પણ નવા સપનાઓનું બીજ વાવી વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. શાળામાં મળતી સુવિધાઓ જેવી કે સાયન્સ લેબ, અટલ ટીંકરીંગ લેબ, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, વોકેશનલ એજયુકેશન ડેવલપમેન્ટ સેન્ટર તેમજ રમત–ગમત ગ્રાઉન્ડ વગેરે શાળા પરિસરની મહેમાનઓને વિઝીટ કરાવી માહિતગાર કરાવ્યા હતા. મહેમાન બ્ર.કુ.ડા.ઈ.વી. સ્વામીનાથનએ અભ્યાસ તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ કરાવેલ સુવિધાઓ નિહાળી વિદ્યાર્થીઓને બેસ્ટ શાળામાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા સાથે સાથે સંસ્થામાં લેટેસ્ટ ટેકનોલોજી વાળા A.I સિસ્ટમ દ્વારા સંચાલિત સ્માર્ટ ક્લાસની માહિતી મેળવી અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીઓને મળતું શ્રેષ્ઠ શિક્ષણ બદલ સંસ્થા મેનેજમેન્ટને પણ શુભેચ્છાઓ પાઠવેલી હતી. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા આ સફળ કાર્યક્રમ માટે તમામ સ્ટાફને શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# અમરેલી જિલ્લા ભાજપનાં ૩૯૨ શકિત કેન્દ્ર સંયોજકોની મળી ગયેલી બેઠક











અમરેલી જિલ્લા ભાજપના ૩૯૨ શકિતકેન્દ્રોના સંયોજકોની વિધાનસભા મુજબ અલગ–અલગ સ્થળોએ સત્યાપન અંગેની બેઠકો બોલાવવામાં આવેલ. આ બેઠકમાં કાર્યકર્તાઓમાં સક્રિયતા લાવીને દરેક વિધાનસભા મુજબ ભાજપનો વ્યાપ વધે અને આગામી ચુંણણી અનુલક્ષીને કાર્યકતાઓને જન સેવાના કાર્યોમાં સક્રિયતા લાવવા આહવાના સાથે શકિતકેન્દ્ર સુયોજકોની જવાબદારી અંગે જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીએ માર્ગદર્શન આપેલ. આ બેઠકમાં શકિતકેન્દ્ર સંયોજકોને માર્ગદર્શન આપવા જુનાગઢ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પુનિતભાઈ શર્મા વિધાનસભા વાઈઝ યોજાયેલ બેઠકોમાં ખાસ ઉપસ્થિત રહીને શકિતકેન્દ્ર સયોજકોની જવાબદારી અને કરવાની સંગઠનાત્મ કામગીરી અંગે માર્ગદર્શન આપેલ. જિલ્લાની પાંચ વિધાનસભા પૈકીના અમરેલી, બાબરા, ધારી, સાવરકુંડલા અને રાજુલા વિધાનસભાનાં કુલ ૩૯૨ શકિતકેન્દ્ર પૈકીના ૩૭૦ સંયોજકોની ઉપસ્થિતિમાં વિવિધ જગ્યા ઉપર યોજાયેલ બેઠકોમાં શકિતકેન્દ્રના સંયોજકોની સાથે તાલુકા અને શહેર ભાજપના પ્રમુખ તેમજ મહામંત્રીઓ ઉપસ્થિત રહેલ. આ બેઠકોમાં સ્થાનિક ધારાસભ્યો સર્વે કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાળા, જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી અને જનકભાઈ તળાવિયા અલગ–અલગ વિધાનસભા પ્રમાણેની બેઠકોમાં ઉપસ્થિત રહીને શકિતકેન્દ્ર સંયોજકોને માર્ગદર્શન સાથે રાજય સરકાર કેન્દ્ર સરકારની જન ઉપયોગી વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપેલ.

## સાવરકુંડલા : શ્રાવણ માસનાં પ્રાંરભે ખાદ્યતેલનાં ભાવોમાં થયો વધારો



સાવરકુંડલા, તા.૨૧

એક તરફ ખાદ્યતેલોના ભાવોમાં વધારો અને બીજી તરફ શાકમાર્કેટમાં મળતાં મોંઘા શાકભાજીથી ગૃહિણીઓના રસોડાના બજેટ થયાં અસ્તવ્યસ્ત. સાવરકુંડલા શહેરમાં આમ તો છેલ્લાં ઘણા દિવસોથી શાકભાજીના ભાવ આસમાને પહોચી ગયેલા જોવા મળે છે. જો કે આજરોજ શાકભાજીના ભાવમાં થોડો અંશત ઘટાડો જોવા મળેલ છે. એક તરફ ખાદ્યતેલોના ભાવોમાં વધારો થતાં લોકોના રોજબરોજના બનતી રસોઈ પર પણ આ ભાવવધારોની અસર જોવા મળે છે. એમાં પાછી આ મોંઘીદાટ શાકભાજી એટલે ગૃહિણીઓ માટે તો ખૂબ કપરો સમય કહેવાય. રસોડાનું બજેટ પણ આ ભાવવધારોની અસરને લીધે અસ્તવ્યસ્ત થઈ જાય છે. ઓછામાં પૂરૂ હોય તેમ અષાઢ પૂર્ણ થવાને આરે છે. શ્રાવણ માસમાં આવતાં તહેવારોની ઉજવણી આમાં ઉમંગ ઉત્સાહ અને આનંદ સાથે કેમ થશે?

## પાના ૮ ઉપરનું ચાલું ટુંઢીયા પીપળીયામાં ગોપાલ ઈટાલીયા

અવાજ ઉઠાવવા હાંકલ કરી હતી.

કોંગીનેતા પરેશ ધાનાણીએ હત્યાનાં બનાવને દુર્ભાગ્યપૂર્ણ ગણાવીને કાયદો અને વ્યવસ્થાની હાલત અતિ દયનીય બની ગઈ હોય જનતાને ઉજાગરો કરવાનાં દિવસો આવ્યા હોવાનું અને પરોક્ષ રીતે ભાજપ સરકારને આડે હાથ લીધી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું ચિતલ–અમરેલી માર્ગ ઉપર

સદ્નસીબે જાનહાની નથી થઈ તેથી તેમણે પણ જે તે વખતે ધારાસભ્ય તથા તંત્રને ફરીયાદ કરી હતી. વળી ચિતલ જસવંતગઢના આગેવાન અશોક માંગરોળીયાએ પણ સબંધીત તંત્રને દસ માસ પહેલ જાણ કરી છે પણ રીપેરીંગ માટે કોઈ કાર્યવાહી થતી નથી તો આ ઉપરાંત રાજકોટના ન્યુરો. ડોકટર જે અમરેલી આવે છે તે ડો. પુનીત ત્રિવેદીની ફોર વ્હીલ નું પણ તાજેતરમાં નવુ ટાયર ચીરાઈ ગયુ હતુ. તંત્ર આ સતત ટ્રાફીકથી ધમધમતા પુલ પર કોઈના ગંભીર અકસ્માતની રાહ જોઈ રહયું છે ?

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૭ | ૧૦૭૪ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૩૬ | ૧૦૩૬ |
| ૩ | શિંગ મોટી | ૭૫૦ | ૧૧૪૫ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૨૬ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૩૧ |
| ૭ | તલ કાળા | ૧૬૦૦ | ૪૦૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૨૬૨ |
| ૯ | બાજરો | ૩૬૧ | ૫૧૧ |
| ૧૦ | જુવાર | ૮૧૦ | ૮૧૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૦૨ | ૫૬૫ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ૧૪ | અડદ | ૧૩૫૬ | ૧૩૫૬ |
| ૧૫ | ચણા | ૯૪૫ | ૧૨૦૧ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૩૦ | ૧૧૫૭ |
| ૧૭ | ચોળી | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૮ | તુવેર | ૧૦૦૦ | ૧૨૯૯ |
| ૧૯ | વાલ | ૭૭૭ | ૭૭૭ |
| ૨૦ | કપાસ | ૧૦૧૦ | ૧૬૯૦ |
| ૨૧ | એરંડા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૨૨ | જીરૂ | ૩૦૫૦ | ૩૭૭૫ |
| ૨૩ | રાય | ૧૧૭૫ | ૧૩૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૧ | ૪૭૬ |
| ૩ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૪ | સફેદ ચણા | ૧૨૪૪ | ૧૨૪૪ |
| ૫ | તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૬ | તુવેર | ૮૪૫ | ૯૦૦ |
| ૭ | ધાણા | ૧૨૩૦ | ૧૩૫૦ |
| ૮ | શીંગ દાણા | ૧૪૩૦ | ૧૪૩૦ |
| ૯ | એરંડા | ૧૦૫૦ | ૧૨૨૫ |
| ૧૦ | મેથી | ૭૫૫ | ૭૫૫ |
| ૧૧ | ચોળી | ૭૮૧ | ૭૮૧ |
| ૧૨ | સોયાબીન | ૭૪૫ | ૭૮૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૦ | ૧૪૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૭૫ | ૫૩૦ |
| ૪ | ચણા | ૧૦૬૦ | ૧૧૫૩ |
| ૫ | તલ સફેદ | ૧૦૬૦ | ૧૬૦૦ |
| ૬ | સોયાબીન | ૭૧૦ | ૭૮૮ |
| ૭ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૧૫ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૧૧૦૦ | ૧૩૬૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | મેથી | ૭૧૦ | ૭૯૦ |
| ૧૨ | તલ કાળા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૧૩ | બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| ૧૪ | મગફળી | ૯૦૦ | ૧૦૧૫ |
| ૧૫ | જુવાર | ૫૫૦ | ૬૮૦ |
| ૧૬ | મગ | ૧૨૨૦ | ૧૩૬૦ |
| ૧૭ | શીંગફાડા | ૧૦૨૦ | ૧૨૫૫ |
| ૧૮ | એરંડી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૯ | ચણા સફેદ | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૨૦ | લસણ | ૩૦૦ | ૩૦૦ |
| ૨૧ | ડુંગળી બી | ૫૫૦ | ૫૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૪૦ | ૧૧૩૬ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૦૮૦ |
| ૩ | શીંગ દાણા | – | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૦ |
| ૫ | તલ કાળા | ૩૩૫૦ | ૩૮૭૦ |
| ૬ | જીરૂ | ૩૩૦૦ | ૩૫૫૬ |
| ૭ | કપાસ | ૧૩૭૫ | ૧૬૯૨ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૦૬ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૨૦૨૦ |
| ૧૨ | અડદ | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૧૬ | મેથી | ૪૦૦ | ૭૫૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી નાગરિક સહકારી બેન્કની

રાજપરાએ કરેલ. ત્યારબાદ સ્વાગત પ્રવચન બેંકના આસી. મેનેજર સંજય રાજપરાએ કરેલ તેમજ વાર્ષિક સાધારણ સભાનું સંચાલન બેંકના મેનેજર દિલીપ ધોરાજીયાએ કરેલ બેંકની ગત વર્ષની પ્રગતિનો અહેવાલ બેંકના ડિરેકટર પી. પી. સોજીત્રાએ આપેલ. ગત વર્ષ તારીખ : ૩૧/૩/૨૦૨૪ના રોજ બેંકની કુલ થાપણો રૂા. ૧૭૮૧૨.૭૭ લાખ હતી જેમાં વર્ષ દરમ્યાન રૂા. ૧૨૯૧.૯૭ લાખનો વધારો થતા તારીખ : ૩૧/૩/૨૦૨૫ના રોજ કુલ થાપણ રૂા.૧૯૧૦૪.૭૪ લાખ થવા પામેલ છે. જેમાં ઓછા વ્યાજદરની થાપણો એટલે કે લો–કોસ્ટ ડિપોઝીટ જેવી કે સેવિંગ, કરન્ટ તથા ડેઈલી રીકરીંગ તારીખ : ૩૧/૩/૨૦૨૪ના રોજ રૂા.૫૮૮૫.૩૯ લાખ હતી. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૪૦.૧૨ લાખનો વધારો થતા લો–કોસ્ટ ડિપોઝીટ તારીખ : ૩૧/૩/૨૦૨૫ના રોજ રૂા. ૫૯૨૬.૩૧ લાખ થવા પામેલ છે. તેમજ લો–કોસ્ટ ડિપોઝીટના ખાતાઓ તારીખ : ૩૧/૩/૨૦૨૪ના રોજ ૨૩૫૩૧ હતી જેમાં વર્ષ દરમ્યાન ૬૬૪ના ખાતાનો વધારો થતા તારીખ : ૩૧/૩/૨૦૨૫ના રોજ ૨૪૧૯૫ ખાતા થવા પામેલ છે. આમ બેંકની લો–કોસ્ટ ડિપોઝીટમાં વર્ષ દરમ્યાન ૩૧.૦૨%નો વધારો થયેલ છે. તેમજ ધિરાણ રૂા.૧૦૮૦૨.૫૬ લાખ થયેલ છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા અર્બન કો–ઓપરેટીવ બેંકા માટે CRAR (Capital Fund and Risk Assets Ratio) ન્યુનતમ ૯% નકકી કરવામાં આવેલ છે. જેનાથી વધુ રાખવામાં આવે તો તે બેંકની સધ્ધરતા વધારે છે તેમ નકકી થાય. આપણી બેંકનો તારીખ : ૩૧/૩/૨૦૨૫ની સ્થિતીએ CRAR ૨૮.૧૨% છે. તેમજ ચાલુ વર્ષે બેંકે ઈન્કમટેક્ષ પ્રોવીઝન પહેલાનો નફો રૂા. ૫૧૩.૭૪ લાખ કરેલ છે. બેંકે રીકવરી પર પુરતું ધ્યાન આપી બેંકની નફાની પરિસ્થિતી જાળવી રાખી બેંકે તમામ પાસા પર પ્રગતિ કરેલ છે. બેંકનું ધ્યેય ઉત્તમ ગ્રાહક સેવાનું રહયું છે. બેંક દ્વારા દર વર્ષની માફક સભાસદોને મહત્તમ ૧૫% ડિવીડન્ડ જાહેર કરવામાં આવેલ છે.

બેંકના પુર્વ ચેરમેન પી. પી. સોજીત્રાની દેખરેખ નીચે બેંકનાં રીકવરી ઓફિસર અજયભાઈ નાકરાણી અને તેમની ટીમે સતત ૨૩માં વર્ષે પણ બેંકનું નેટ એન.પી.એ. ૦% અને ગ્રોસ એન.પી.એ. ૩.૩૯% જાળવેલ છે.

બેંક દ્વારા ICICI Bank Ltd. ની સાથે ટાઈઅપ કરી RuPay પ્લેટફોર્મ દ્વારા બતો cum Debit Cardની સેવા ચાલુ છે. બેંકનું ATM કાર્ડ ભારતભરનાં ATM સેન્ટર ખાતે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના વખતો વખતના નિયમોનુસાર માન્ય છે. ઉપરાંત આ RuPay ATM cum Debit Card દ્વારા મોલ, પેટ્રોલપંપ, દુકાનો જેવા વેચાણકેન્દ્રો ઉપરથી પોઈન્ટ ઓફ સેલ (POS) મશીન પર સ્વાઈપ કરી ખરીદી કરી શકાય છે. વધુમાં બેંક દ્વારા મોબાઈલ બેંકીંગ એપ્લીકેશન દ્વારા ઓનલાઈન RTGS, NEFT, IMPSની સેવા કાર્યરત છે. આગામી સમયમાં BANL (Benificiary Lookup Facility) કાર્યરત કરવામાં આવશે જેના દ્વારા આપના તરફથી મોકલવામાં ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરતા પહેલા સામેવાળા વ્યકિતનું નામ તથા એકાઉન્ટ નંબરની ચકાસણી તમો જાતે જ કરી શકશો. તેમજ એસ.એમ.એસ. / મીસ્ડ કોલની સુવિધા, અદ્યતન અને અપડેટેડ વેબસાઈટ, ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર, ફિકસ ડિપોઝીટ ઓટો રીન્યુઅલ, કવીક સ્ટેટમેન્ટ ઈ–મેઈલ દ્વારા મેળવવાની સુવિધા વગેરે જેવી સેવાઓ પુરી પાડવામાં આવે છે તેમજ ઈ–કોમર્સ સેવા જેવી કે (UPI, GOOGLE PAY), IMPS ઈન્ટરનેટ બેકીંગ જેવી આધુનિક સેવાઓ કાર્યરત કરવામાં આવેલ છે.

બેંકના ગ્રાહકોની સુરક્ષા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી આપેલ માર્ગદર્શન મુજબ Online કરવામાં આવતા વ્યવહારો જેવા કે IMPS, UPIના ફ્રોડ થયાની ગ્રાહકને જાણ થાય તો તાત્કાલીક ગ્રાહક પોતાનું ખાતુ ફ્રીજ કરાવી શકશે તે માટે ગ્રાહકના રજીસ્ટર્ડ મોબાઈલ ઉપરથી STOPAC XXXXXX (ખાતા નંબરના છેલ્લા છ આંકડા) લખી 90931 51515 ઉપર કોક મોકલવાથી થઈ જશે જે સેવાનો લાભ લેવા માટે અનુરોધ છે.

બેંક ઉપર છેલ્લા ૬૧ વર્ષથી જે સભાસદો, વેપારીઓ, ડિપોઝીટરો, ખેડૂતોએ વિશ્વાસ મુકેલ છે તે વિશ્વાસ બેંકે સતત જાળવી રાખેલ છે.

અમરેલી નાગરિક સહકારી બેંક લી. માત્ર બેંકીંગ કામકાજ કરતી બેંક નહીં બનતા જાહેર જનતાને ઉપયોગી બેંક બની છે અને બેંકની ટીમ સમાજ પ્રત્યે કંઈક કરી છુટવાની ભાવના દર્શાવે છે. આ ભગીરથ કાર્ય માટે બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા, મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ સંઘાણી, બેંકના પુર્વ ચેરમેન અને ડિરેકટર પી. પી. સોજીત્રા તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટરઓ અને બેંકના મેનેજર દિલીપ ધોરાજીયા, આસી. મેનેજર સંજય રાજપરા, રીકવરી ઓફિસર અજય નાકરાણી તથા સમગ્ર સ્ટાફની કાર્યક્ષમ કામગીરીને આભારી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૫ | ૧૬૭૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૧૦૨૫ | ૧૦૯૫ |
| ૪ | જીરૂ | ૨૭૫૫ | ૩૬૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૨૦ | ૧૯૧૦ |
| ૬ | તલ કાળા | ૨૪૪૫ | ૩૮૦૫ |
| ૭ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ૮ | ચણા | ૧૦૩૯ | ૧૧૪૧ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી ખાતે સરદાર સન્માન યાત્રા

પ્રતિક છે. ભારતરત્ન છે અને તેમના વિચારો અને આદર્શો આજે પણ અમુલ્ય છે અને આજની પેઢી ઉપરાંત, દેશની ભાવિ પેઢી માટે પણ સરદારનાં વિચારો ઉપયોગી છે.

વધુમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલ એ દેશનાં સપુત છે. દેશનાં સર્વ સમાજનાં હિતમાં તેઓએ કામ કર્યુ છે. ત્યારે તેઓની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સરદાર પટેલનાં વિચારો રાજય અને દેશનાં ખૂણે–ખૂણે પહોંચે તેવા હેતુથી સરદાર સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે અને આ યાત્રા દરેક સમાજની પોતાની હોવાથી દરેક સમાજને આ યાત્રામાં જોડાવવા અનુરોધ કર્યો હતો.

તેઓએ જણાવ્યું કે, ૨૦ સપ્ટેમ્બરનાં રોજ સરદાર સન્માન યાત્રા અમરેલીમાં પધારશે અને રાત્રિ રોકાણ કરશે. આ યાત્રામાં ૧૫૦ સરદાર પ્રેમીઓ સતત યાત્રામાં સાથે રહેવાનાં છે અને યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવા માટે તમામ સમાજ આ યાત્રામાં જોડાઈ તેવી પ્રાર્થના કરી હતી. આ તકે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, કોંગ્રેસ અગ્રણી જેનીબેન ઠુંમર, પ્રતાપ દુધાત, આમ આદમી પાર્ટીનાં કાંતિભાઈ સતાસીયા, નિકુંજ સાવલીયા, કોંગ્રેસ પક્ષનાં ચંદ્રેશ રવાણી તેમજ હરજીભાઈ નારોલા, ઘનશ્યામ ડોબરીયા, હસુભાઈ પટેલ, શરદ ધાનાણી, ડી.કે. રૈયાણી, પ્રદિપ કોટડીયા, રાજે માંગરોળીયા, ભગીરથ ત્રિવેદી, હિરેન હિરપરા, સુરેશભાઈ સોલંકી સહિતનાં દરેક રાજકીય પક્ષો અને સમાજનાં આગેવાનોએ સરદાર સન્માન યાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવાની હાંકલ કરી હતી.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), લાઠી રોડ, અમરેલી -Ad 111

**ધો. ૧૨ પુરક પરિક્ષા પાસને કોલેજ FY BA-B.Com-B.Sc.-BBA-BCA – પ્રવેશ મળશે**

* સંકુલ B.Sc. - M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી પ્રવેશ ચાલુ
* સંકુલ B.Com.-M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ ચાલુ
* સંકુલ BA - MA મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઈંગ્લીશ પ્રવેશ ચાલુ
* સંકુલ BBA - BCA - MBA - MCA - SU-GTU પ્રવેશ ચાલુ
* સંકુલ B.Pharm.- M.Pharm- B.Ed. - PG DMLT પ્રવેશ ચાલુ



**શ્રી ભાક્ષી ૧ પ્રાથમિક શાળા**

**પો. મોટા આગરીયા, તા. રાજુલા, જી. અમરેલી**

**જાહેર હરરાજી**

આથી રસ ધરાવતી પાર્ટીઓને જણાવવામાં આવે છે કે, રાજુલા તાલુકાની શ્રી ભાક્ષી ૧ પ્રાથમિક શાળામાં જર્જરિત ૧ રૂમ સ્લેબવાળો, ૨ રૂમ નળિયાવાળા, મ.ભ.યો. રસોડુ ૧ અને સેનિટેશન બ્લોક ૧ ઈમલાની જાહેર હરરાજી તા. ૨૫/૦૭/૨૦૨૫ ને શુક્રવારના રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકે શ્રી ભાક્ષી ૧ પ્રાથમિક શાળા ખાતે રાખેલ છે.

હરરાજીની શરતો સ્થળ ઉપર જણાવવામાં આવશે. ઈમલાની અપસેટ કિંમત ૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરા રાખેલ છે. હરરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ ડિપોઝીટ પેટે રૂા. ૨૦૦૦/– ભરવાની રહેશે. ભાગ લેવા ઈચ્છતા વ્યકિતઓએ સમયસર હાજર રહેવું.

**સ્કુલ મેનેજમેન્ટ કમિટી**
**ભાક્ષી ૧ પ્રાથમિક શાળા**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૪૫ | ૧૦૬૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૪૬ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૬૦૧ |
| ૪ | તલ પીળા | ૧૮૫૩ | ૧૮૫૩ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૬ | બાજરો | ૩૮૧ | ૪૯૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૬૫ |
| ૮ | જુવાર | ૫૬૦ | ૯૧૨ |
| ૯ | મગ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| ૧૦ | તુવેર | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૪ |
| ૧૨ | જીરૂ | ૩૭૦૦ | ૪૧૦૦ |
| ૧૩ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૪ | સોયાબીન | ૭૨૬ | ૭૯૦ |
| ૧૫ | રાય | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૬ | રાજગરો | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૭ | શીંગદાણા | ૧૨૪૧ | ૧૫૫૧ |

# સાવકુંડલા ખાતે ભાજપ દ્વારા શકિત કેન્દ્ર સંયોજક બેઠક સંપન્ન





સાવરકુંડલા, ભારતીય જનતા પાર્ટી, અમરેલી જિલ્લા દ્વારા સાવરકુંડલા શહેરમાં સાવરકુંડલા-લીલીયા અને રાજુલા-જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના શકિત કેન્દ્ર સંયોજકોની એક મહત્વપૂર્ણ બેઠક સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ બેઠકમાં ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આગામીચૂંટણીલક્ષીરણનીતિપરવિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સાવરકુંડલા, લીલીયા, રાજુલા અને જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના તમામશકિતકેન્દ્રસંયોજકોએઉત્સાહભેર ભાગ લીધો હતો અને પક્ષની નીતિઓ અને કાર્યક્રમોને જન-જન સુધી પહોંચાડવામાટેસંકલ્પબધ્ધતાવ્યકતકરી હતી.આબેઠકમાંઉપસ્થિતઆગેવાનોએ કાર્યકરોનેમાર્ગદર્શન પૂરૂ પાડયુંહતુંઅને બુથ સ્તર સુધી સંગઠનને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂકયો હતો. પક્ષના અગ્રણીનેતાઓએઉપસ્થિતસંયોજકોને સરકારની કલ્યાણકારીયોજનાઓઅને વિકાસ કાર્યોની માહિતી લોકો સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું. આ બેઠક ભાજપ સંગઠનને વધુ ગતિશીલ બનાવવામાંઅનેજનસંપર્કઅભિયાનને વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ થશે. જેમાં સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય તેમજ પ્રદેશ મંત્રી મહેશભાઈ કસવાળા તેમજ પ્રદેશ આગેવાન પુનિતભાઈ શર્મા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, માર્કેટિંગ યાર્ડ ચેરમેન દીપકભાઈ માલાણી, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયતના પ્રમુખજીતુભાઈ કાછડીયા,સાવરકુંડલા શહેર પ્રમુખ અનિરૂધ્ધ સિહ રાઠોડ, તાલુકાનાપ્રમુખરજનીભાઈ ડોબરિયા, લીલીયા તાલુકા મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જાફરાબાદ શહેર પ્રમુખ, કુલદીપભાઈ વરૂ, તાલુકા પ્રમુખ સંદીપભાઈ શિયાળ, રાજુલા શહેર પ્રમુખવનરાજભાઈવરૂ,તાલુકાપ્રમુખ ધીરૂભાઈ નકુમ, મહામંત્રીઓ ઉપસ્થિતરહ્યાતેમજજિલ્લાપંચાયતના સદસ્યઓ, શકિતકેન્દ્ર સંયોજકઓ ઉપસ્થિતરહ્યા.

### હવે સમય છે પ્રાકૃતિક ખેતીનો

## પ્રાકૃતિક ખેતી જ સાચો માર્ગ : જમીન, પાણી અને આરોગ્ય એ ત્રણેયનો રક્ષક

### જમીનની ફળદ્રુપતામાં ઉમેરો કરવા પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ વિકલ્પ



અમરુલી, તા. ૨૧

સ્વાદિષ્ટ, શુદ્ધ અને તંદુરસ્ત ખેત ઉપજો માટે પ્રાકૃતિક કૃષિ એ સોનેરી માર્ગ અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના માર્કેટિંગ પ્લાનર અને પ્રમોશન કન્સલ્ટન્ટ ધ્રુવભાઈ દેસાઈએ કુદરતી ખેતીના મહત્વ વિશે આપી જાણકારી પરંપરાગત ખેતીમાં દવા, ખાતર અને મજૂરીનો ખર્ચ વધી ગયો છે, જમીન પણ હવે પહેલા જેવી ઉપજાવ નથી ત્યારે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઉભરે છે. તેનાથી ય વિશેષ જમીન, પાણી અને આરોગ્ય એમ ત્રણેયના રક્ષક પ્રાકૃતિક ખેતી જ સાચા માર્ગ તરીકે બચી રહે છે. આ સંદર્ભમાં અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના માર્કેટિંગ પ્લાનર અને પ્રમોશન કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા ધ્રુવભાઈ દેસાઈ કહે છે કે, હવેનો સમય પ્રાકૃતિક ખેતીનો સમય છે! આજકાલના સમયમાં ખેતી કરવી મુશ્કેલ બની ગઈ છે. દવા, ખાતર અને મજૂરીનો ખર્ચ વધી ગયો છે. જમીન પણ હવે પહેલા જેવી ઉપજાવ નથી. પાણી પણ ઓછું પડી ગયું છે. પાક ઓછો થાય છે, મજૂરી વધુ લાગે છે, પરિણામે ક્યારેક ખેડૂત નિરાશ થઈ શકે છે. પરંતુ આ તમામ મુશ્કેલીઓના નિવારણનો સોનેરી માર્ગ છે પ્રાકૃતિક કૃષિ.ખેતીલક્ષી બાબતોનો એક સરળ ઉપાય છે, જે વાત આપણા પિતામહોએ પણ કરી હતી એ છે પ્રાકૃતિક ખેતી. જે આપણે ગુમાવેલી સાચી ખેતી પધ્ધતિ છે એ ફરી પાછી લાવવી જરૂરી છે, હવે જાગૃત્ત બની ખેતીમાં આ દિશા અનુસરી નવો રાહ કંડારવાનો છે. તેમણે ઉમેર્યુ કે, પ્રાકૃતિક ખેતી એ દવા વગરની વૈજ્ઞાનિક ખેતી છે, બજારથી કશું ન લાવવું પડે બધી વસ્તુઓ ઘરની હોય છે. રાસાયણિક ખાતર નહિ, ગાયના છાણ અને ગૌમૂત્રથી બનાવેલું જીવામૃત જેનાથી જમીન જીવિત થાય, પાણી ઘટે નહિ, ખેત ઉપજો સ્વાદિષ્ટ, શુધ્ધ અને તંદુરસ્ત મળે. પ્રાકૃતિક કૃષિના ઘટકરૂપ જીવામૃત, જમીન માટે ટોનિક, ઘનજીવામૃત માટી માટે ખાદ્યપદાર્થ, બ્રહ્માસ્ત્ર, અગ્નિસ્ત્ર અને નીમાસ્ત્ર છે. જે ખેતીને નુકશાનકારક જંતુના તોફાન સામે રક્ષણ આપે છે. તો બીજામૃત બીજને સંસ્કાર આપે છે. આમ, આ બધું આપણા જ ખેતર કે ઘરમાં તૈયાર થાય એ પણ ખર્ચ વગર અથવા તોબહુ ઓછો ખર્ચ અને તેની અસરકારતા વધારે છે. પ્રાકૃતિક ખેતીથી ખર્ચ ઓછો - આવક વધારે, જમીન ફળદ્રુપ બને, પાણીની બચત થાય, પાકની ગુણવત્તા સારી, ઘરમાં સ્વસ્થતા - શુધ્ધ ખાદ્ય પદાર્થ મળી રહે છે. ખેતી કરે છે તે અન્નદાતા છે - પણ પ્રાકૃતિક ખેતી કરે છે તે ' જીવદાતા છે. તેથી એક વ્યાપક પરિવર્તન લાવીને ખેતીને ફરીથી જીવંત બનાવીએ, જમીનને જીવ આપીએ અને કુદરત સાથે ચાલીને ગૌધનને પણ સાચવીએ. સૌકુંટુંબ સુખી અને આરોગ્યમય જીવન જીવી તે માટે કેમિકલ છોડી કુદરત તરફ વળવાનો સમય છે. રાસાયણિક દવાઓ છોડો અને ગાયને અપનાવો. પોતાના ખેતર અને ખેતીનું દવાખાનું પોતે જ બની શકીએ. પ્રાકૃતિક ખેતી છે સાચો માર્ગ છે. જે જમીન, પાણી અને આરોગ્ય ત્રણેયનો રક્ષક છે.

## અમદાવાદ : પૂર્વ સૈનિકો માટે તા. ૨૫ જુલાઈએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૭

રાજકોટ, મોરબી અને અમરેલી જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકોને રોજગારના અવસર મળે તે માટે ડાયરેકટોરેટ જનરલ રિસેટલમેન્ટ, નવી દિલ્હી દ્વારા રોજગાર ભરતી મેળાનું આયોજન છે. આગામી તા.૨૫/૭/૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૭ વાગ્યે અમદાવાદ કેન્ટોનમેન્ટ છાવણી ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે.

ભરતીમેળામાં ભાગ લેવા માટે પૂર્વ સૈનિકોએ પૂર્વ સૈનિક તરીકેનું પોતાનું ઓળખપત્ર, પીપીઓ, ડિસ્ચાર્જ બુક, બાયોડેટા, ફોટોગ્રાફ સાથે રાખવા.

વધુ વિગતો માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, C/o માજી સૈનિક આરામ ગૃહ, પોલિસ હેડકવાર્ટસની સામે, રૂડા કચેરી પાસે, રાજકોટ, પિન નં. ૩૬૦૦૦૧ ફોન નં.(૦૨૮૧) ૨૪૭૬૮૨૫ અને E-mail: zsb_rjt@rediffmail.com પર સંપર્ક કરવો તેમ રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાએ ૧૮ કરોડ ૫૭ લાખની રકમ મંજૂર

## અરે વાહ : અમરેલી અને કુંકાવાવની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડા, રીનોવેશન, કમ્પાઉન્ડ વોલ, ટોયલેટની સુવિધા ઉભી કરાશે

### ૨૨ પ્રાથમિક શાળાઓનાં ઓરડા સહિતની કામગીરી કરાશે



અમરેલી, તા. ૨૧

અમરેલી કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્ય કૌશિક વેકરિયાના પ્રયત્નોથી અમરેલી અને કુંકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓના બાંધકામના કામો મંજૂર થતા આગામી દિવસોમાં ઓરડાના બાંધકામના કામો હાથ ધરાશે. જે અંતર્ગત કુલ ૨૨ પ્રાથમિક શાળાઓમાં ૬૭ જેટલા નવા વર્ગખંડ સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. આ સાથે ૧૦૫ કલાસરૂમનું રીનોવેશનનું કામ પણ હાથ ધરાશે. ૧૫ શાળાઓમાં ગર્લ્સ ટોયલેટ બ્લોક અને ૧૮ શાળાઓમાં બોયઝ અને દિવ્યાંગ માટેના ટોયલેટ બ્લોકનું પણ કામ મંજૂર થતા, આગામી દિવસોમાં આ બધા કામો શરૂ કરવામાંઆવશે. વધુમાં ૧૭ પ્રાથમિક શાળાઓમાં નવા મધ્યાહન ભોજન શેડ અને ૧૪ પ્રાથમિક શાળાઓમાં કમ્પાઉન્ડ વોલના કામ પણ મંજૂર થવાથી આગામી દિવસોમાં કુલ ૧૮ કરોડ ૫૭ લાખ રૂપિયા જેવી માતબર રકમના ખર્ચે પ્રાથમિક શિક્ષણને લગતા વિકાસના આ વિવિધ કામો હાથ ધરાશે. એમ કૌશિક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

## સાવરકુંડલા શહેરમાં ૧૫ દિવસનાં વિરામબાદ ધીમીધારે મેઘાનુ આગમન



સાવરકુંડલા, તા. ૨૧

છેલ્લા પંદર દિવસના વિરામ બાદ આજે ફરી વરસાદી માહોલ.સાવરકુંડલા શહેરમાં વરસાદી ઝાપટા. ધારે ઝરમરિયો વરસાદ.સાવરકુંડલા શહેરમાં છેલ્લા પંદર દિવસથી વધુ સમયથી વરસાદના કોઈ વાવડ ન હતાં. છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો છવાઈ છે. પરંતુ મેઘો મન મૂકીને વરસતો ન હતો. આમને આમ આષાઢ પૂર્ણ થવાને આરે. વાતાવરણમાં ગરમી બાદ આજે તો વાતાવરણ જોતાં એવું લાગે છે કે વરસી પડશે. પણ ચાલાક વરસાદ પણ હવે રાજકરણીની જેવો શોમેન થઈ ગયો હોય તેવું લાગે છે. ખાલી ડોળ કરે છે પરંતુ વરસવામાં કેમ કંજૂસાઈ કરે છે? એક સારો વરસાદ થાય તો લોકોને ખાસકરીને ખેડૂતો માટે ખેતરમાં વાવેલ પાકના પોષણ માટે અત્યંત જરૂરી છે. જોકે લગભગ બપોરના ત્રણેક વાગ્યે આ લખાય છે. ત્યારે વરસાદી ઝાપટા ધીમી ધારે વરસવાનાં મંડાણ શરૂ થયા છે. ખૂબ ગરમીબાદ વાતાવરણમાં ઠંડક પ્રસરતી જોવા મળી રહી છે. ત્યારે સાવરકુંડલામાં આજે મેઘો મન મૂકીને વરસે એવું લોકો ઈચ્છી રહ્યા છે. ધીમે ધીમે ઝરમર ઝરમર વરસતા વરસાદને કારણે વરસાદી પાણી સીધું જમીનમાં જ ઉતરે એટલે આ ઝરમરિયો વરસાદ પણ એક રીતે તો આશીર્વાદ રૂપ જ ગણાય.

## રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા શપથવિધિ સમારોહ 'સંકલ્પન' યોજાયો




અમરેલી, તા. ૨૧

રોટરી કલબ ઓફ અમરેલી ગીરે ગત તા. ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ તેના વાર્ષિક શપથવિધિ સમારોહ સંકલ્પન નું ભવ્ય આયોજન કર્યુ હતું. સમારંભમાં નવા પદાધિકારીઓ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની શપથવિધિ સાથે રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ની ઔપચારિક શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર રોટે. અમરદીપસિંહ બુનેટ ઉપસ્થિત રહી ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે નવી ટીમની શપથવિધિ કરાવી. સાથે જ ડિસ્ટ્રીકટ એકઝીકયુટીવ સેક્રેટરી રોટે. ચિરાગ ત્રિવેદી આસિસ્ટન્ટ ગવર્નર રોટે. જિગ્નેશ ઠક્કર અને વિવિધ રોટરી જગતના અગ્રણીઓ તથા મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ વષે પ્રમુખ તરીકે રોટે. ત્રિલોક ભટ્ટ અને સેક્રેટરી તરીકે રોટે. નિરવ ઝિંઝુવાડિયાએ શપથ ગ્રહણ કરી પોતાનું કાર્યભાર સંભાળ્યો હતો. નવી ટીમના તમામ ડિરેકટર્સ અને પદાધિકારીઓની પણ શપથવિધિ કરવામાં આવી. રોટરી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કલબમાં શ્રેષ્ઠ કામગીરી માટે પ્રમુખ રોટે. પ્રતિક સંઘરાજકા અને સેક્રેટરી રોટે. અમરકોંઢિયાના યોગદાનને વખાણવામાં આવ્યું અને તેઓ દ્વારા કલબના તમામ મેમ્બર્સ નો અને દાતાઓ નો આભાર માનવામાં આવ્યો. નવનિયુક પ્રમુખ રોટે. ત્રિલોક ભટ્ટે સમારોહ ને સંબોધતા નવા રોટરી વર્ષ માટેનું વિઝન રજૂ કર્યુ. તેમણે આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને યુવા સશક્તિરણ જેવા મહત્વના ક્ષેત્રોમાં અસરકારક સેવા પ્રોજેકટસ થકી વિકાસ માટે પ્રતિબધ્ધ રહેવાની વાત કહી.મન રોટે. અમરદીપસિંહ બુનેટ તેમના મુખ્ય ઉદબોધનમાં નવી ટીમને શુભકામનાઓ પાઠવી અને કલબને રોટરીના મૂલ્યમંત્ર 'સર્વિસ એબોવ સેલ્ફ' ની ભાવનાને આધારે સેવા યાત્રા અવિરત રાખવા માટે પ્રોત્સાહન આપ્યું. આ શપથવિધિ સમારોહ અંતે નવા પ્રમુખ, સેક્રેટરી અને બોર્ડના તમામ પદાધિકારીઓને અભિનંદન અને શુભકામનાઓ સાથે ભવિષ્ય માટે ઉત્સાહિત થવાનો સંદેશ

# રોટરેકટ કબલ ઓફ અમરેલી ગીરની ૭મી સ્થાપના વિધિ યોજાઈ









રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીરની ૭મી સ્થાપના વિધિ અમરેલી શહેરમાં ધ ગ્રાન્ડ સૂર્યા ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે યોજાઈ હતી. નવા રોટરેકટ વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવા પદાધિકારીઓનો collar handover તથા શપથવિધિ કાર્યક્રમ ખુબ જ હર્ષ ઉલ્લાસભેર સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં વિવિધ પરિવારોના મહાનુભાવો સહિત DRR રોટ રુચિત મહેતા DSG રોટ હર્ષ શાહ, ZRR રોટ, રોહન જોશી તેમજ ઘણા ગણમાન્ય મહેમાનોની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં પદાવિગ્રહણ કર્યા પછી નવા પ્રમુખ રોટ પ્રિયંક પંડયાએ પોતાના અભિગમ અને વર્ષ દરમિયાન સંકલ્પો પર પ્રકાશ પાડયો. કલબના નવા સચિવ તરીકે રોનક ભાલોડિયાએ પણ પોતાના વિચારો રજુ કયા હતા. જુના પ્રમુખ રોટ ધર્મરાજસિંહ સરવૈયા અને જુના સચિવ રોટ જતીન મહેતા તરફથી નવા લીડરને શુભેચ્છા પાઠવવામાં આવી. આ કાર્યક્રમમાં જુદા-જુદા પ્રતિનિધિ રોટરેકટ કલબ્સના સભ્યો, પૂર્વ પદાધિકારીઓ, કલબના સભ્યો તથા એમના પરિવારજનોની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોટ નીધી દેસાઈ અને ટીમ ધ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાત નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા એ આ કાર્યક્રમમાં હાજરી આપીને કાર્યક્રમની શોભામા અભિવૃધ્ધિ કરી હતી. આ ઉજવણી નવચેતનાથી ઉત્સાહ અને સેવાભાવના સાથે નવા કાર્ય વર્ષની શરૂઆતમાં સંકેત રૂપે રહી.

# વૃધ્ધ દંપતીની લૂંટનાં ઈરાદે નિર્મમ હત્યાનો બનાવ બનતા

# ઢુંઢીયા પીપળીયામાં ગોપાલ ઈટાલીયા બાદ પરેશ ધાનાણી પહોંચ્યા

''આમ આદમી પાર્ટી''નાં ધારાસભ્ય તેમજ કોંગ્રેસનાં નેતાએ મૃતકનાં પરિવારજનોને સાંત્વના પાઠવી

બંને આગેવાનોએ કાયદો અને વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિ સામે નારાજગી વ્યકત કરી

ગોપાલ ઈટાલીયાએ ગ્રામજનોને પોતાનો આત્મા જગાવવાની હાંકલ કરી

કોંગી નેતા પરેશ ધાનાણીએ વૃધ્ધ દંપતીની હત્યાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી



અમરેલી, તા. ૨૧

વડિયાનાં ઢુંઢીયા પીપળીયા ગામે શુક્રવારે મોડે રાત્રિએ વૃધ્ધ દંપતીની લૂંટનાં ઈરાદે નિર્મમ હત્યાનો બનાવ બનતા સમગ્ર જિલ્લામાં અરેરાટીનો માહોલ ઉભો થયો હોય જેને લઈને ગઈકાલે આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને આજે પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી મૃતકનાં પરિવારજનોને સાંત્વનાં પાઠવવા પહોંચ્યા હતા.

ગઈકાલે ''આપ''નાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ગ્રામજનો સમક્ષ જાગૃત બનવા અને સૌએ પોતાનો આત્મા જગાડવા અને વહીવટીતંત્રનાં કર્મચારીઓ કે પદાધિકારીઓથી ડરવાનું બંધ કરો તેવું સુચના કર્યુ હતું. ગામમાં કોઈપણ પ્રકારનો અન્યાય કે ગેરરીતિ થાય તો

અનુસંધાન પાના ૬ ઉપર

## ૨ વર્ષથી પેટમાં દુઃખાવાની બીમારી હોય

# બાબરાનાં વાવડા ગામે રહેતી મહિલાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૧

બાબરા તાલુકાના વાવડા ગામે રહેતા દક્ષાબેન વિનુભાઈ સામજીભાઈ જમોડ નામની ૪૨ વર્ષિય મહિલાને છેલ્લા બે વર્ષથી પેટમા દુઃખાવાની બીમારી હોય, જેનાથી કંટાળી જઈ તેણીએ ગત તા. ૨૦ ના આશરે સવારના દશેક વાગ્યે ગળાફાંસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## રૂપિયા ૧૯૧૦૪.૭૪ લાખની ડિપોઝીટ અને રૂપિયા ૧૦૮૦૨.૫૬ લાખનુ ધીરાણ ધરાવતી

# અમરેલી નાગરિક સહકારી બેન્કની ૬૧મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન : રૂપિયા ૫૧૩.૭૪ લાખનો કર્યો નફો



અમરેલી, તા. ૨૧

અમરેલી નાગરિક સહકારી બેંક લી. ની ૬૧મી વાર્ષિક સાધારણ સભામાં મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત બેંકના મેનેજરશ્રી દિલીપ ધોરાજીયા તથા આસી. મેનેજર સંજય

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)